ગુજરાતી ભાષામાં દાર્શનિક તત્ત્વજ્ઞાન

[૪]

ભારતની જ્ઞાનસમૃદ્ધિ બહુ જૂના વખતથી જાણીતી છે અને અપાર છે. તે અનેક જાતની છે. એ જ્ઞાનસમૃદ્ધિની અનેક શાખાઓમાં એક જ શાખા આ વિદ્યાના અભ્યુત્થાનકાળમાં હજુ પણ એવી રહી છે કે જેની બાબતમાં પશ્ચિમીય વિચારકોની દૃષ્ટિ પણ ભારત તરફ રહે છે. એ શાખા તે દાર્શનિક વિદ્યાની શાખા.

ભારતીય દર્શનવિદ્યાની ત્રણ પ્રધાન શાખાઓમાં વૈદિક શાખા લઈએ, અને તેના પહેલેથી ઠેઠ સુધીના સાહિત્યની રચનાના પ્રદેશો તરફ નજર ફેંકીએ તો આપણને જણાશે કે વૈદિક દર્શનસાહિત્યની રચનામાં ગુજરાતનો ફાળો પહેલેથી આજ સુધી નથી જ, વેદો, ઉપનિષદો, સૂત્રો, ભાષ્યો, ટીકાઓ અને પ્રકરણ ગ્રંથો કે ફોડપત્રો—એ બધાંની રચનામાં પંજાબ, બ્રહ્માવર્ત, કાશી, મિથિલા, દક્ષિણ, બંગાળ અને કાશ્મીર જનપદ વગેરેનો હિસ્સો છે, પણ એકાદ સંદિગ્ધ અપવાદને બાદ કરીએ તો એ રચનાઓમાં ગુજરાતનો ફાળો નજરે નથી જ પડતો.

બૌદ્ધ પિટકોનો ઉદ્ગમ તો મગધમાં થયો. એનું સંસ્કૃત સંસ્કરણ અને પછીનું દાર્શનિક સાહિત્ય હિન્દુસ્તાનના બધા ભાગોમાં જન્મ્યું. ગુજરાતમાં જન્મેલું બૌદ્ધ સાહિત્ય કયું અને કેટલું છે એનો સ્પષ્ટ નિર્ણય કરવો અત્યારે કઠણ છે, છતાં એમાં જરાયે શંકા નથી કે સાતમા સૈકા પહેલાં અને ત્યાં સુધીના જે મોટા મોટા બૌદ્ધ મઠોમાં ગુણમતિ, સ્થિરમતિ જેવા અસાધારણ વિદ્વાન ભિક્ષુકો રહેતા હતા અને ભણાવતા ત્યાં બૌદ્ધ સાહિત્ય અવશ્ય રચાયું હતું. બોધિચર્યાવતાર જેવા વિશિષ્ટ ગ્રંથની રચના કાઠિયાવાડમાં (સૌરાષ્ટ્રમાં) જ થયાનું કલ્પાય છે.

આવી સ્થિતિ છતાં ગુજરાતને શરમાવા કે સંકોચાવા જેવું કશું જ નથી. તેનું કારણ એ છે કે તેણે જૈન દાર્શનિક સાહિત્યની રચનામાં મોટામાં મોટો ફાળો આપ્યો છે. આપણે જાણીએ છીએ કે મૂળમાં તો જૈન દર્શનનું સાહિત્ય બૌદ્ધ દર્શનના સાહિત્યની પેઠે મગધમાં જ જન્મ પામેલું, પણ પછીના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાળમાં તેની રચના દક્ષિણ અને ઉત્તર હિન્દુસ્થાનમાં થતી ગઈ અને છેલ્લાં પંદરસો વર્ષનો ઇતિહાસ સ્પષ્ટ કહે છે કે જૈન દર્શનના પ્રધાનતમ સાહિત્યની રચના, તેની પુરવણી અને તેનો વિકાસ એ બધું ગુજરાતમાં જ થયું છે. ગુજરાતે માત્ર જૈન દર્શનના સાહિત્યને જન્માવી કે વિકસાવીને જ સંતોષ નથી માન્યો, પણ એણે તો પોતાની ખોળીમાં જુદા જુદા પ્રાંતોમાં જન્મેલા અને ઊછરેલા કીમતી સાહિત્યને બહુ કાળજીથી સંભાળી રાખ્યું છે અને તેથી જ કેટલાયે અપૂર્વ અને દુર્લભ ગ્રંથો તો એકમાત્ર ગુજરાતના ખૂણેખાંચરેથી જ અત્યારે પણ જડી આવે છે.

દર્શન સાહિત્યને ઉત્પન્ન કરવાની, રક્ષવાની અને સાચવવાની ગૌરવ-ગાથા ટૂંકમાં આટલી જ છે, પણ એ સાહિત્ય એટલે પ્રાકૃત, પાલિ અને સંસ્કૃત ભાષામાં લખાયેલું સાહિત્ય એટલું જ. જ્યારથી ઉક્ત ભાષાઓ બોલચાલમાંથી લોપ પામી અને વિદ્વાનોના પઠન-પાઠનની જ ભાષા રહી, માત્ર શાસ્ત્રીય ભાષા તરીકે જ એનો ઉપયોગ રહ્યો અને એ ભાષાઓમાં વસ્તુ વિચારવાનો પ્રઘાત ઓછો થઈ ગયો અને તેની જગ્યાએ તેની બીજી લોકભાષારૂપ પુત્રીઓ આવી, એટલે કે ભાષાયુગ શરૂ થયો, ત્યારથી એ લોકભાષાઓમાં દર્શન-સાહિત્ય કેટલું ગુજરાતમાં રચાયું છે અગર તો સંસ્કૃત આદિમાં પ્રથમ રચાયેલ દર્શન-સાહિત્યને ગુજરાતે પોતાની ચાલુ ભાષામાં કેટલું ઉતાર્યું છે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. બૌદ્ધ સંપ્રદાય તો ક્યારનોય લોપ પામેલો હોવાથી માત્ર ગુજરાતમાં જ નહિ પણ અન્ય પ્રાંતોમાં સુધ્ધાં તેના સાહિત્યની લોકભાષાઓમાં રચના થાય એની શક્યતા જ રહી ન હતી. પણ જાગતા અને ચોમેર પથરાયેલા વૈદિક સંપ્રદાયના દાર્શનિક સાહિત્ય વિશે પણ ગુજરાતનો લોકભાષામાં ફાળો તદ્દન સાધારણ જ ગણાય. નરસિંહ મહેતા, મીરાંબાઈ, દાદુ, અખો કે સ્વામીનારાયણ સંપ્રદાયના કેટલાક સાધુઓ વગેરે, જેઓ મુખ્યપણે ભક્ત જ હતા, તેમણે પોતાની ભક્તિની અજબ ધૂનમાં પ્રસંગવશ જે તાત્ત્વિક વિચારો લોકભાષામાં મૂક્યા છે તેને બાદ કરીએ તો ગુજરાતમાં લખાયેલો સંગીન અને વ્યવસ્થિત વૈદિક તત્ત્વજ્ઞાનનો ગ્રન્થ આપણે ભાગ્યે જ મેળવી શકીશું. જૈનોની જાહોજલાલી ગુજરાતમાં ઘણા લાંબા કાળથી ચાલી આવે છે. તે સંપ્રદાયના ત્યાગીઓ પણ સેંકડોની સંખ્યામાં ગુજરાતમાં પહેલેથી જ થતા અને રહેતા આવ્યા છે. તેમણે નવી નવી કૃતિઓથી જ્ઞાનભંડારો ભરી કાઢ્યા છે. તેમ છતાં તે તે સમયની ચાલુ ગુજરાતી ભાષામાં તેઓએ તત્ત્વજ્ઞાનના પ્રકાણ્ડ અને ઊંડા ગ્રંથો સંસ્કૃત-પ્રાકૃત ભાષાની પેઠે લોકભાષામાં જ રચ્યા હોય એમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાગ્યે જ કહી શકાય. બે ચાર અપવાદભૂત કર્તાઓને બાદ કરીએ તો બધા લેખકોની મુખ્ય પ્રવૃત્તિ ભાષાયુગમાં પણ સંસ્કૃત અને પ્રાકૃત ભાષા તરફ જ રહી છે. લોકો ઉપર શાસ્ત્રીય ભાષાઓનો પ્રભાવ અને પ્રતિષ્ઠા એટલાં બધાં પડેલાં અને જામી ગયેલાં કે તે જ ભાષાઓમાં લખનાર તેઓની દૃષ્ટિમાં વિદ્વાન ગણાતા અને તેથી જ લેખકો જાણે-અજાણે પ્રચલિત લોકભાષા છોડી શાસ્ત્રીય ભાષાઓમાં લખવા પ્રેરાતા. આનાં ઇષ્ટ કરતાં અનિષ્ટ પરિણામો વધારે આવ્યા છે. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાની સાચવણી અને ખીલવણી ઇષ્ટ પરિણામમાં ગણીએ તોપણ અનિષ્ટનું પલ્લું ભારે જ રહે છે, એ વાત નીચેના મુદ્દાઓ સમજનાર કબૂલ્યા વિના નહિ રહે.

(क) માતૃભાષા અને બોલચાલની ભાષામાં જ કરાતો વિચાર ઊંડો, વ્યાપક અને સ્ફુટ હોઈ શકે એ સિદ્ધાંત પ્રમાણે વિચાર એક ભાષામાં અને લખવાનું બીજી ભાષામાં હોવાથી વિચાર અને લેખન વચ્ચે અસામંજસ્ય.

(ख) શાસ્ત્રીય ભાષાઓમાં વિચારો લખવાથી સાધારણ લોકોમાં તેની બહુ જ ઓછી પહોંચ અને જે થોડોઘણો પ્રવેશ થાય તે પણ સંદિગ્ધ અને પાંગળો. જે લોકો શાસ્ત્રીય ભાષા ન જાણવા છતાં પ્રતિભાશીલ અને જિજ્ઞાસુ હોય તેવા વિચારકો તરફથી તત્ત્વજ્ઞાનના વિકાસમાં ઓછામાં ઓછો ફાળો અને તેટલા જ પ્રમાણમાં લોકભાષાની ઓછામાં ઓછી ખીલવણી. પરિણામે તત્ત્વજ્ઞાન અને ચાલુ ભાષામાં જીવંતપણું ઓછું, નવનવાપણું ઓછું અને જૂના વારસા ઉપર નભવાપણું ઘણું.

વર્તમાન સમયનો વિચાર કરીએ તો તો પહેલાં તે વિચારની પોષક ભૂમિકા ટૂંકામાં વિચારી જઈએ, અને તે માટે માત્ર કેટલાક મુદ્દાઓ પ્રશ્ન રૂપમાં જ પહેલાં મૂકી દઈએ :

(क) જીવનમાં તત્ત્વજ્ઞાનને લગતા વિચારોનું સ્થાન છે કે નહિ ? મનુષ્ય-વૃત્તિ સ્વાભાવિક રીતે જ તત્ત્વજ્ઞાનના પ્રદેશ તરફ ઢળે છે કે નહિ ? તત્ત્વજ્ઞાન મેળવવાની તક તે શોધે છે કે નહિ ? અને સરળ રીતે પ્રાપ્ત થઈ હોય તો તેને તે પસંદ કરે છે કે નહિ ?

(ख) માત્ર પુરુષવર્ગ અને તેમાંયે માત્ર શિક્ષિતવર્ગ જ તત્ત્વજ્ઞાનમાં રસ લે છે કે સ્ત્રીવર્ગ અને બીજા સાધારણ કોટિના દરેક જણ તત્ત્વજ્ઞાનને સમજવાના અધિકારી હોય છે અને તેઓ પણ તે બાબતમાં રસ લે છે ?

(ग) વિદેશી ભાષા, શાસ્ત્રીય ભાષા અને પરપ્રાંતની ભાષામાં ગૂંથાયેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિચારો સમજવા અને તેને પચાવવા એ સહજ છે કે માતૃભાષામાં મુકાયેલા વિચારો અને તે મારફત મળતું જ્ઞાન સમજવું અને જીવનમાં ઉતારવું સહજ છે ?

(ઘ) ખાસ વિશિષ્ટ વર્ગ જ અને તેમાંયે બહુ ઉચ્ચ કેળવણી પામેલા વિવિધ ભાષાના અભ્યાસીઓ જ તત્ત્વજ્ઞાન વિશે વિચાર કરી શકે અને નવ-નવા પ્રશ્નો ઉપર પોતાના વિચારો જણાવી શકે તેમ જ તેનો વિકાસ કરી શકે કે અનેક ભાષાઓ ન જાણનાર અને માત્ર માતૃભાષામાં બોલનાર માણસોમાં પણ એની પ્રતિભા સંભવે ખરી કે જેથી વિશિષ્ટ વિદ્વાનો જેટલો જ તેઓ વિચારમાં નવો ફાળો આપી શકે ?

(ङ) ચાલુ ભાષાની ભૂમિકાના તત્ત્વજ્ઞાનમાં વિચારોનું ખેડાણ અને ફેલાવો થવાથી ભાષાસમૃદ્ધિ અને તેનું સામર્થ્ય વધે છે કે નહિ અને જ્ઞાનની બધી શાખાઓને વિશેષ વ્યાપક બનાવવા એવી ભાષાની સમૃદ્ધિ તથા શક્તિ જરૂરનાં છે કે નહિ ?

ઉપરના બધા અસ્તિ-નાસ્તિરૂપ પ્રશ્નોનો ઉત્તર હામાં જ આવતો હોય અને ઉભય પક્ષરૂપ પ્રશ્નનો ઉત્તર બીજા પક્ષના સ્વીકારમાં જ આવતો હોય, તો એમ સ્વીકાર્યા સિવાય કદી ચાલી જ નહિ શકે કે ગુજરાતી ભાષામાં બીજી જ્ઞાનશાખાઓની પેઠે તત્ત્વજ્ઞાનની શાખાને ખૂબ ખેડવી. હવે જોઈએ કે એ શાખાને ગુજરાતી ભાષામાં ખેડવી એટલે શું ? અને ત્યાર પછી આપણે જોશું કે આ શાખા વર્તમાન ગુજરાતી ભાષામાં કેટલી ખેડાઈ છે. એટલે આપણું કર્તવ્ય સ્પષ્ટ થઈ જશે.

(૧) હજારો વર્ષનાં તપ અને ચિંતનને પરિણામે આપણા પૂર્વજ ઋષિઓ અને વિદ્વાનોએ જે તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં અનેકવિધ અને અનેક ભાષાઓમાં આપણને વારસો આપ્યો છે તે સમગ્ર વારસો સરળ અને શુદ્ધ ગુજરાતી ભાષામાં યથાર્થપણે ઉતારવો અને મૂળ પારિભાષિક શબ્દોની સ્પષ્ટ વ્યાખ્યા આપી તે શબ્દો ચાલુ ભાષામાં સુગમ અને સુબોધ રીતે મૂકવા.

(૨) પ્રાચીન તત્ત્વજ્ઞાનના મહત્ત્વપૂર્ણ ગ્રન્થોનાં પ્રામાણિક અનુવાદ અને સ્ફોટન ઉપરાંત તેના સારભૂત ટૂંકા મનનીય નિબંધો ગુજરાતીમાં લખવા, જેમાં વિવેચકદૃષ્ટિ અને તુલનાદૃષ્ટિ નિષ્પક્ષપણે કામ કરતી હોય.

(૩) સમગ્ર ભારતીય તત્ત્વજ્ઞાનની શાખાઓનો પહેલેથી ઠેઠ સુધી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇતિહાસ ગુજરાતીમાં તૈયાર કરવો અને તેવી જ રીતે તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં થયેલા વિશિષ્ટ વિદ્વાનોનાં પ્રામાણિક જીવનો આલેખવાં.

(૪) ભારતીય તત્ત્વજ્ઞાનમાં મુખ્યપણે કેટલા વિષયો સ્પર્શાયેલા છે અને એક એક વિષયને અંગે બીજા ઉપવિષયો કેટકેટલા છે તેની નોંધ કરી પ્રત્યેક વિષય પરત્વે તત્ત્વજ્ઞાનની બધી શાખાઓ શું શું માન્યતા ધરાવે છે તેનો તુલનાત્મક ઇતિહાસ ગુજરાતીમાં ઉતારવો.

(૫) ભારત બહારના પ્રદેશોમાં પહેલેથી અત્યાર સુધી તત્ત્વજ્ઞાન વિશે જે જે ચિંતનો થયાં હોય તેમાંથી મહત્ત્વપૂર્ણ ભાગ સ્વરૂપ, તુલના અને ઇતિહાસરૂપે શુદ્ધ અને સરળ ગુજરાતીમાં ઉતારવો અને એ રીતે ભારતીય તત્ત્વજ્ઞાનને ઇતર દેશના એવા વિચારો સાથે સરખાવવાનો માર્ગ સરળ કરી મૂકવો.

(૬) જે વિષયો ભારતીય તત્ત્વજ્ઞાનમાં આવ્યા ન હોય અથવા ઓછા ચર્ચાયા હોય અથવા તો અસ્પષ્ટ ચર્ચાયા હોય અને પશ્ચિમી તત્ત્વજ્ઞોએ એનો વિચાર ઊંડો તેમ જ સ્પષ્ટ કર્યો હોય તો તેવા વિષયોની યાદી કરી તે દરેક વિષય પરત્વે જે જે ઇતર દેશોમાં લખાયું હોય તે યથાર્થપણે ગુજરાતીમાં ઉતારવું, જેથી આપણો વારસો વધારે સમૃદ્ધ કરવાની સગવડ મળે.

(૭) ભિન્ન ભિન્ન કક્ષાના અભ્યાસીઓ માટે સંપૂર્ણ માહિતીવાળી પ્રસ્તુત વિષયક ચોપડીઓ તૈયાર કરવી.

ઉપર જે મહાન કાર્યો બતાવવામાં આવ્યાં છે તેને ટૂંકમાં તત્ત્વજ્ઞાનનું ખેડાણ કહી શકાય. હવે જો આ ખેડાણ આવશ્યક હોય અને ભાવિ વિશાળ ખેડાણ માટે ખાસ જરૂરનું હોય તો હવે એ જોવું પ્રાપ્ત થાય છે કે આપણી ચાલુ ગુજરાતી ભાષામાં ખેડાણ કેટલું થયેલું છે.

પહેલું બૌદ્ધ તત્ત્વજ્ઞાન લઈએ. અધ્યાપક કોસાંબીજીનાં નાનાં નાનાં બેત્રણ પુસ્તકો બાદ કરીએ તો તે સંપ્રદાયનું ગુજરાતી સાહિત્ય કશું જ નથી, જ્યારે એ સંપ્રદાયનું પ્રાચીન સાહિત્ય ઘણું અગત્યનું અને વિશાળ છે. જૈન સંપ્રદાયનાં તત્ત્વજ્ઞાનવિષયક સર્વસ્પર્શી ગ્રન્થો તો ગુજરાતીમાં નથી જ. જૂની ગુજરાતીમાં એ સંપ્રદાયના મૂળ આગમો ઉપરના ગ્રંથો છે, જે આજે કાર્યસાધક નથી. ચાલુ જમાનાની વિકસિત ભાષામાં થયેલા એ સંપ્રદાયના આગમાનુવાદો માત્ર ગણ્યાગાંઠ્યા છે. જૂની ગુજરાતીમાં લખાયેલા કેટલાક મહત્ત્વપૂર્ણ તત્ત્વજ્ઞાનના ગ્રંથો છે, તે પણ પદ્ધતિસર ચાલુ ગુજરાતીમાં તૈયાર થયેલા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે એકંદર ગુજરાતી મારફત જૈન તત્ત્વજ્ઞાનની વિશાળ અજમાયશ કરવા ઇચ્છનારને કશી જ પૂર્ણ સગવડ નથી એમ કહી શકાય. વૈદિક સંપ્રદાયના સ્થૂળ રીતે છ અને વિસ્તારથી જોતાં તેથીયે વધારે દર્શનો છે. એમાંનાં ઘણાંખરાં દર્શનો ઉપર તો અપાર અને ગંભીર સાહિત્ય લખાયેલું છે. તે જોતાં માત્ર યોગ કે સાંખ્યદર્શનના થયેલા ગુજરાતી અનુવાદો એ તદ્દન અપૂર્ણ ગણાય. વેદાંતદર્શનના ત્રણ ભાષ્યોના અનુવાદો છે, પણ વૈદિક બધાં દર્શનોના મહત્ત્વપૂર્ણ ગ્રંથો તો ગુજરાતીમાં અસ્પૃશ્ય જ રહ્યા છે. નિબંધ સાહિત્યમાં આચાર્ય ધ્રુવના "આપણો ધર્મ" નામક પુસ્તકમાં જે ટૂંકા ટૂંકા લેખો છે તે સિવાય બીજા કોઈએ કશું જ લખ્યું નથી. ઇતિહાસની દિશામાં રા. નર્મદાશંકર મહેતાનો પ્રયત્ન ખૂબ પ્રશંસનીય છે, પણ હજી એમાં ઘણું કરવાનું બાકી રહી જાય છે. પાઠ્યપુસ્તકોમાં આચાર્ય ધ્રુવની ત્રણ ચોપડીઓ સિવાય કશું જ નથી. એટલે એકંદર રીતે જોતાં ગુજરાતી ભાષામાં તત્ત્વજ્ઞાન-વિષયક સાહિત્ય જેટલું અને જેવું ઊતરવું જોઈએ તેનો સહસ્રાંશ પણ આજે નથી.

આવી સ્થિતિમાં 'ગુજરાતી સાહિત્ય પરિષદ' અગર બીજી તેવી સંસ્થાઓનું શું કર્તવ્ય છે તે કહેવાની જુદી જરૂર નથી, પણ જ્યારે આજ કેળવણી વધતી જાય છે, તેનો વિસ્તાર અને ઊંડાણ વધારવાના ચોમેરથી પ્રયત્નો ચાલી રહ્યા છે, કેળવણી પામેલાઓ કાર્યક્ષેત્ર શોધી રહ્યા છે, ત્યારે તેવા કેળવાયેલા યુવકો અને અનુભવીઓને હવે પદ્ધતિસરનું ઉપર નિર્દેશ્યા પ્રમાણે સાહિત્ય તૈયાર કરાવવું એ એક જ સૂચન કરવું બાકી રહે છે. આ સિવાય બીજો એક માર્ગ કાંઈક સરળ છે અને છતાં કઠણ પણ છે. દરેક સંપ્રદાયમાં ઓછાવત્તા સંતો, ધર્મગુરુઓ અને વિશિષ્ટ રસ ધરાવનારા અનુયાયી ગૃહસ્થો હોય છે. તેઓને આ ઉપયોગી દિશામાં વાળવામાં આવે તો વધારે કામ ઓછે ખર્ચે થાય, અને એક વાર વાસ્તવિક દિશા મળતાં શક્તિનો ઉપયોગ ઝઘડાની અને કૂપમંડૂકતાની દિશામાંથી થતો અટકે.

•

જૂના જમાનામાં જ્યારે ચીનને જ્ઞાનની ભૂખ જાગી ત્યારે તેણે અનેક કઠોર સહિષ્ણુ ભિક્ષુઓને મોકલી હિન્દુસ્તાનમાંથી સંસ્કૃત અને પ્રાકૃત હજારો ગ્રન્થોના અનુવાદો ચીની ભાષામાં કરાવરાવ્યા અને કેટલીક વાર તો એક એક બ્રાહ્મણ વિદ્વાન પાસે સેંકડો સંસ્કૃત ગ્રન્થોના ચીની ભાષામાં અનુવાદ કરાવ્યા. મુસલમાન બાદશાહો અને અમીરોએ પણ પોતાના દેશમાં જ્ઞાનસમૃદ્ધિ વધારવા પોતાના અનેક વિદ્વાનો પાસે અને અનેક પરજાતિના હિન્દુસ્તાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિદ્વાનો પાસે આર્યસાહિત્યના તરજુમાઓ અરબી, ફારસી અને ઉર્દૂ ભાષામાં કરાવ્યા. તિબેટવાસીઓએ પણ એ જ કર્યું અને છેલ્લે જોઈએ તો જર્મન, ફ્રેન્ચ અને અંગ્રેજી ભાષાના વિશિષ્ટ વિદ્વાનોએ પોતપોતાના દેશની જ્ઞાનસમૃદ્ધિ વધારવા તેમ જ લોકોના માનસ અને અભ્યાસને ઊંચા ધોરણ ઉપર મૂકવા દુનિયાના બધા ભાગમાંથી બને તેટલું વધારેમાં વધારે સાહિત્ય અનેકરૂપે પોતપોતાની ભાષામાં ઉતાર્યું. સંસ્કૃત, પ્રાકૃત અને પાલિ ભાષાનો જ પારંપરિક વારસો ભોગવનાર આપણે અંગ્રેજી, ફ્રેન્ચ કે જર્મન ભાષા તરફ જોવું પડે છે. એક વાર બાળક માને ધાવવું છોડે અને તેના ખોળામાં ખેલવાનો નિર્વ્યાજ આનંદ જતો કરે ત્યારે તેની પરમાતાના હાથે એના ખોળામાં જે વલે સંભવે તે વલે સાહિત્યની બાબતમાં આપણી છે. તેથી જેઓ તત્ત્વજ્ઞાનના વિચારોને ઉચ્ચ ભૂમિકા ઉપર લઈ જવા ઇચ્છતા હોય, તેનો ફેલાવો ઇચ્છતા હોય, તેમની ફરજ છે કે તેમણે એ બધું જ્ઞાન વ્યવસ્થિત રીતે માતૃભાષામાં આવે એવો પ્રયત્ન કરવો.

દક્ષિણી, બંગાળી અને હિંદી ભાષામાં આ માટે પ્રયત્નો થઈ રહેલા છે, અને કેટલેક અંશે તો તેઓ આપણા કરતાં આગળ વધ્યા છે. ગુજરાતી ભાષાની ક્ષમતા બીજી એકે ભાષા કરતાં ઓછી નથી; ઊલટું, તેની વિચાર કરવાની અને તેને વ્યક્ત કરવાની શક્તિ પ્રમાણમાં વધારે છે. સંસ્કૃત અને પ્રાકૃતનો તેને સાથ છે; ફારસી, ઉર્દૂ, અંગ્રેજી આદિનો પણ તેને સહયોગ છે. એવી સ્થિતિમાં તે ભાષાના સાહિત્યને તત્ત્વજ્ઞાનના ગુલાબી ફૂલની સૌરભથી સુવાસિત કરી મૂકવું એ એક જ ઋષિઋણ, દેશઋણ કે સમયઋણ આપણા ઉપર બાકી રહે છે. એને ન ફેડનાર કે ફેડવામાં મંદ ઉત્સાહ રાખનાર પોતાને સાહિત્ય-સેવી કહે તો એ સાહિત્યનો દ્રોહ જ કરે છે, એમ સત્ય કહેવરાવે છે.*

—પ્રસ્થાન, મહા ૧૯૮૫.

* નવમી ગુજરાતી સાહિત્ય પરિષદમાં આપેલો નિબંધ

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org